# શુદ્ધાત્મદ્રવ્યસ્વરૂપ

વર્તમાનમાં આપણે જે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચર્ચા કરી શકીએ છીએ, તે સર્વે પૂજ્ય ગુરુદેવશ્રીનો જ પ્રતાપ છે. જીવમાં રાગ થાય છે અને નથી થતો; જીવ શુદ્ધ પર્યાયનો કર્તા છે અને નથી; અપરિણામી ભૂતાર્થ સ્વભાવનું શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે અને વળી સ્વપરપ્રકાશક એવું પોતાનું 'જ્ઞાતૃતત્ત્વ' તથા ત્રણકાળ ત્રણલોકરૂપી 'જ્ઞેયતત્ત્વ'નું શ્રદ્ધાન પણ સમ્યગ્દર્શન છે—આવા અટપટા છતાં સુંદર અનેકાન્તિક આત્મદ્રવ્યને પૂજ્ય ગુરુદેવશ્રીએ દૃષ્ટિપ્રધાન તથા જ્ઞાનપ્રધાન શૈલીથી સાદી ભાષામાં સમજાવ્યું છે.

અનંત અને અચિંત્ય મહિમાવંત આત્મદ્રવ્યને બતાવનારા શાસ્ત્ર સમુદ્રનું મંથન કરી તેમાં ગૂઢ રીતે રહેલા બે રત્નો 'કારણશુદ્ધપર્યાય' તથા 'ક્રમબદ્ધપર્યાય' તેઓશ્રીએ મૌલિક રીતે શોધી, તેનું મુમુક્ષુ સમાજ સમક્ષ વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. આ બન્ને પર્યાય હોવા છતાં તેનું સ્વરૂપ સમજતાં તે પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવે છે.




પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવેલ એક દ્રવ્યપર્યાયાત્મક આત્મદ્રવ્યને આપણે ચાર આંગળીથી સમજીશું. (આત્મદ્રવ્ય સ્થાપનાનયે સર્વ પુદ્ગલને અવલંબનારું છે—શ્રી પ્રવચનસાર નય ૧૩)

એક ધ્રુવ દ્રવ્યસ્વભાવને (૧) તથા (૨) રૂપે સમજીશું.

**(૧) ધ્રુવ સામાન્ય :**—અસંખ્ય પ્રદેશમાં વ્યાપક અનંત ગુણાત્મક દ્રવ્ય—જેના દરેક ગુણમાં અનાદિ અનંત ક્રમબદ્ધ પ્રગટ થવાવાળી ભૂત તથા ભવિષ્યની અનંત પર્યાયોની યોગ્યતા દરેક સમયે પારિણામિક ભાવે નિમગ્ન હોય છે. આ પર્યાયોમાં અત્યાર સુધી વ્યય થઈ ગયેલી પર્યાયો ભૂતકાળની યોગ્યતાપણે તથા હવે પછી પ્રગટ થવાવાળી પર્યાયો ભવિષ્યકાળની યોગ્યતાપણે નિમગ્ન હોય છે. વર્તમાન પર્યાય (૩) પ્રગટ છે જે આ સ્વભાવથી (કથંચિત્) ભિન્ન રહીને તેનો નિર્ણય કરે છે.

*આધાર : શ્રી સમયસાર ગાથા-૪૯, અવ્યક્ત બોલ-૩, શ્રી તત્ત્વાનુશાસન ગાથા-૧૯૨*

**(૨) ધ્રુવ વિશેષ :**— દરેક ગુણની વર્તમાન વર્તતી પૂજિત પંચમભાવ પરિણતી—કારણશુદ્ધપર્યાય, જે દરેક સમયે સકળ નિરાવરણ પૂર્ણપણે વર્તી રહી છે. જે નિર્મળ ચૈતન્યમય ઉત્પાદ પર્યાય (૩) પ્રગટે છે તેના પૂર્ણ કારણપણે વર્તી રહી છે. શુદ્ધપર્યાય પોતાની યોગ્યતાનુસાર જેટલા પુરુષાર્થથી કારણપરમાત્માને કારણ બનાવી પ્રગટ થાય છે તે સર્વનું કારણપણું આમાં છે. ધ્રુવમાં ધ્રુવનો પ્રતિભાસ—ધ્રુવના સ્વરૂપને જાણનારું સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન, સ્વરૂપ શ્રદ્ધાન માત્ર કારણ દૃષ્ટિ, સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્ર, તેના ફળરૂપ સહજ આનંદનો ભોગવટો વગેરે રૂપે દ્રવ્યગુણપર્યાયાત્મક દ્રવ્યનું પૂર્ણપણું દર્શાવી વ્યક્ત પર્યાયની દૃષ્ટિ છોડાવી દે છે.

*આધાર : શ્રી નિયમસારની ઘણી ગાથાઓ, પૂજ્ય ગુરુદેવશ્રીના તે ઉપરના પ્રવચનો*

ઉપરોક્ત બે ભેદ ધ્રુવમાં રહેલ વૈભવનો મહિમા કરાવી સમજાવવા માટે કરેલ છે. વાસ્તવમાં બન્નેનું અભેદપણું તે જ એક ધ્રુવસત્તા દૃષ્ટિનો વિષય—કારણપરમાત્મા—પરમપારિણામિકભાવ છે.

હવે ઉત્પાદ પર્યાયને (૩) તથા (૪) બે રૂપે સમજીશું.

**(૩) ઉપયોગ સામાન્ય** :—આબાળ ગોપાળ સર્વે જીવોને સદાકાળ પર્યાયમાં જાણવું-જાણવું-જાણવું એ સ્વભાવનું લક્ષણ અખંડ સ્વપરપ્રકાશકરૂપે પ્રગટ છે. કર્મના સદ્ભાવ તથા અસદ્ભાવના સંબંધથી પ્રગટ થતાં અનેક ઔપાધિક ભાવોને ગૌણ કરી, અનાદિ અનંત ચૈતન્ય અનુવિધાયી પરિણામરૂપ ઉપયોગ સામાન્ય. આને અધ્યાત્મભાષાએ શુદ્ધ ઉપયોગ અથવા શુદ્ધાત્માભિમુખ પરિણામ કહે છે.

*(આધાર : શ્રી સમયસાર પરિશિષ્ટ—જ્ઞાન લક્ષણ)*

**(૪) ઉપયોગ વિશેષ** :—ઉપરોક્ત પર્યાયને અજ્ઞાની જ્ઞેય લુબ્ધતાને કારણે એકાંત પરપ્રકાશક કરી અજ્ઞાનરૂપ કરે છે. તેમાં જ કર્મના સદ્ભાવ તથા અસદ્ભાવની ઉપાધિથી સ્વતંત્ર ષટ્કારકથી ક્રમબદ્ધ અનેકપણું પ્રગટ થાય છે. આ વિશેષોને આગમભાષાએ પુણ્ય-પાપ આદિ સાત તત્ત્વ, ઔદયિક-ઔપશમિક આદિ ચાર ભાવ વગેરે ઔપાધિક ભાવ—રંગ રાગ ભેદરૂપે કહેવાય છે. તેને જ સ્વભાવદૃષ્ટિએ પુદ્ગલના સંબંધથી થતાં હોવાના કારણે પુદ્ગલના પરિણામ પણ કહેવાય છે. *(આધાર : શ્રી સમયસાર ગાથા ૫૦ થી ૫૫)*




(૩) તથા (૪)માં નીચે મુજબ ત્રણ ભેદ પડે છે.

(X) <u>અજ્ઞાન (બાધક) અવસ્થા :</u>— મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાય, ઈન્દ્રિયજ્ઞાન અજ્ઞાન, આશ્રવ બંધ ભાવો હોય છે.

(A) તે અવસ્થાકાળે સમાન્ય ઉપયોગ તિરોભાવરૂપે હોય છે.

(Y) <u>સાધક અવસ્થા :</u>— મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાયનો અભાવ થાય છે, સાધક અવસ્થાની વૃદ્ધિ અનુસાર બાકીના ત્રણ કષાયોનો અભાવ થતો જાય છે. ઔપશમિક-ક્ષયોપશમિક-ક્ષાયિક તથા સંવર-નિર્જરા તત્ત્વોની ઉત્પત્તિ થાય છે.

(B) તે અવસ્થાકાળે સામાન્ય ઉપયોગ અંશે આવિર્ભાવ થઈ વૃદ્ધિગત થતો જાય છે.

(Z) <u>સિદ્ધ અવસ્થા :—</u> સર્વ કષાયોનો અભાવ થઈ, ક્ષાયિક તથા મોક્ષભાવ પ્રગટ થાય છે.

(C) તે અવસ્થાકાળે સામાન્ય ઉપયોગ પૂર્ણ આવિર્ભાવરૂપે હોય છે.

સામાન્ય ઉપયોગના ઉપરોક્ત ત્રણ ભેદ (A, B, C) જ્ઞાન અપેક્ષાએ પડે છે.

* ત્રણેકાળે જ્ઞાન તથા અનુભવ તો (૧+૨+૩)નું અભેદ એવા અખંડ સ્વપરપ્રકાશક ઉપયોગમયી જ્ઞાયક સામાન્યનો જ કરવાયોગ્ય છે.

* આશ્રય તો (૧+૨)નું અભેદ એવા ધ્રુવ જ્ઞાયક સામાન્યનો જ કરવાયોગ્ય છે.

* અજ્ઞાની આવા જ્ઞાયક સામાન્યનો તિરોભાવ કરી પર્યાયવિશેષ (૪)માં મૂઢ છે—જેને પ્રજ્ઞાછીણી વડે ભિન્ન કરી ઉપેક્ષા કરવાયોગ્ય છે—જાણેલો પ્રયોજનવાન છે.

(૧+૨) નું અભેદ 'અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા'—તે <u>ધ્યેય</u> છે. આશ્રય કરવાયોગ્ય છે.

(૧+૨+૩) નું અભેદ 'અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે'—તે <u>જ્ઞેય</u> છે.

ઉપરોક્ત બન્ને અનાદિ અનંત જ્ઞાયક સામાન્યના બે રૂપ છે. નિર્વિકલ્પ અનુભવકાળે બેના ભેદનો વિકલ્પ છૂટી દ્વીરૂપ એકરૂપ શુદ્ધ જ્ઞાયકનો અનુભવ થાય છે.

કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીતિ ધરે હૈ.
યાહીં કે ગવેષી હોય જ્ઞાનમાંહી લખિ લીજૈ,
જ્ઞાનકી લખની યા અનંત સુખ ભરે હૈ.

✻

---

પરમાગમના રહસ્યોનો ઉકેલ કોઈપણ કથન તે કઈ અપેક્ષાનું છે તે જાણી નીચે મુજબ ચાર પ્રકારથી થઈ શકે—

કથન શૈલી બે પ્રકારની હોય છે—દૃષ્ટિપ્રધાન તથા જ્ઞાનપ્રધાન

✻ દૃષ્ટિ સ્વભાવથી જ એકાંતિક અને નિર્વિકલ્પ હોય છે.

✻ જ્ઞાન સ્વભાવથી જ અનેકાંતિક અને સવિકલ્પ હોય છે

બન્ને શૈલીમાં :—દૃષ્ટિનો વિષય=શુદ્ધનયનો વિષય

જ્ઞાનનો વિષય=પ્રમાણજ્ઞાનનો વિષય

(I) દૃષ્ટિપ્રધાન—દૃષ્ટિનો વિષય (સમયસાર ગાથા ૧૧)

(૧+૨) આંગળીનું અભેદપણું જે દૃષ્ટિના વિષય તરીકે પ્રસિદ્ધ છે. આશ્રય કરવાયોગ્ય—ઉપાદેય સ્વરૂપ. નિષ્ક્રિય શુદ્ધ પરમપારિણામિકભાવ. તેને વિષય કરવાવાળી (૩) ઉપયોગ પર્યાય છે.

(II) જ્ઞાનપ્રધાન—દૃષ્ટિનો વિષય (પ્રવચનસાર ગાથા ૧૯૨, ૨૦૦)

(૧+૨+૩) આંગળીનું અભેદપણું, જે જ્ઞાનની મુખ્યતાથી અખંડ સ્વપરપ્રકાશક ઉપયોગમયી આત્માને અભેદપણે જાણવું તે જ્ઞાનપ્રધાન શુદ્ધનય અથવા અનુભવનો વિષય. આમાં આશ્રય કરવાયોગ્ય (૧+૨)નું અભેદ પરમપારિણામિકભાવ ગર્ભિતપણે હોય જ છે.

(III) દૃષ્ટિપ્રધાન—જ્ઞાનનો વિષય (સમયસાર ૪૭ શક્તિ)

(૧+૨)નું અભેદપણું નિશ્ચયનયનો વિષય + (૩) તેના આશ્રયે પ્રગટતી ચૈતન્યમય શુદ્ધ પરિણતી—બન્નેનું ભિન્નપણે જ્ઞાન થવું—અધ્યાત્મ પ્રમાણજ્ઞાન.

(IV) જ્ઞાનપ્રધાન-જ્ઞાનનો વિષય (પ્રવચનસાર ૪૭ નય)

(૧+૨)નું અભેદપણું—નિશ્ચયનયનો વિષય + (૩) શુદ્ધપર્યાય તથા (૪) અશુદ્ધ પર્યાય—વ્યવહારનય સર્વેનો અધિષ્ઠાતા એક આત્મદ્રવ્ય છે એમ જાણવું—આગમ પ્રમાણજ્ઞાન.

ચારિત્રનું સ્વરૂપ તો મોક્ષમાર્ગના ઉત્તરકાળમાં આવે છે.

પ્રાથમિક મુમુક્ષુ જીવોએ તો ઉપલક દૃષ્ટિએ વિરોધી દેખાતાં દૃષ્ટિ તથા જ્ઞાનના સ્વરૂપને કોઈનો પણ એકાંત પક્ષ ન થઈ જાય તેની સાવધાની રાખી, અવિરોધપણે મધ્યસ્થભાવે સમજીને સાધવા. પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવેલ માર્ગ પર ચાલી આપણે સૌ પણ તેમની સાથે સ્વરૂપસ્થ થઈએ એ જ ભાવના.